## ૧૫૧૬ થી ૨૦૧૬ : સુરતના ઐતિહાસિક બાઇબલે પાંચ સદી પૂરી કરી





# ૫૦૦ વર્ષ જૂનું બાઇબલ સુરતમાં

**ગુજરાતના ઇતિહાસનું એક સોનેરી પૃષ્ઠ**

✝ ખિસ્ત્રીઓના પવિત્ર ગ્રંથ એવા બે ઐતિહાસિક બાઇબલ સુરતના CNI ચર્ચમાં

✝ એક બાઇબલ ઇ.સ. ૧૫૧૬માં તો બીજું વર્ષ ૧૮૧૯માં ઇંગ્લેન્ડમાં પ્રિન્ટ થયું હતું

સુરત। હિંદુઓ માટે ગીતા, મુસ્લિમો માટે કુરાન અને ખિસ્ત્રીઓ માટે બાઇબલ એ ઈશ્વર, ખુદા અને ગોડનું બીજું નામ છે. પ્રભુની નજીક પહોંચવાનું કે તેમને પામવાનું સરનામું છે. પવિત્ર ગ્રંથ બાઇબલ ખ્રિસ્ત્રી સમુદાયને જીવન જીવવાનો માર્ગ બતાવવા અને મોક્ષના માર્ગે વાળવામાં પથદર્શક બન્યું છે. આ બાઇબલ સાથે ગુજરાતના ઈતિહાસનું એક સોનેરી પુષ્ઠ સુરત સાથે જોડાયું છે. સુરતમાં ચોકબજાર સ્થિત CNI ચર્ચમાં રહેલા ઐતિહાસિક બાઇબલે વર્ષ ૨૦૧૬માં પાંચ સદી પૂરી કરી છે. ગુજરાતના સૌથી જૂના ચર્ચમાં ૫૦૦ વર્ષ પુરાણા બાઇબલથી આજે પણ ખિસ્ત્રી સમુદાયને અર્પણ અને સમર્પણના પાઠ શીખવવામાં આવી રહ્યાં છે. નાતાલના તહેવારને એક સપ્તાહ બાકી રહ્યું છે. સમગ્ર વિશ્વ ક્રિસમસની ઉજવણી માટે થનગની રહ્યું છે. દેશ અને દુનિયામાં ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે શહેરના CNI (ચર્ચ ઓથ નોર્થ ઈન્ડિયા) ચર્ચમાં પણ નાતાલની ઉજવણીને લઈને ઉત્સાહ છવાયો છે. ગુજરાતના ઐતિહાસિક ચર્ચમાં સ્થાન પામેલું CNI ચર્ચ તેની બીજી એક ઓળખ માટે જગતભરમાં જાણીતું છે. આ ઓળખ છે ઐતિહાસિક બાઇબલ. ૨૦૦૦થી વધુ પેઈજનો આ દળદાર ગ્રંથ આજે પણ સમાજને સંસ્કાર, સભ્યતા, સંસ્કૃતિ અને સમર્પણનો ભાવ બક્ષી રહ્યું છે. ખિસ્ત્રી સમુદાયને ઈશ્વરની નજીક લઇ જતાં આ પવિત્ર પુસ્તક અંગે વિસ્તારથી વાત કરતા ચર્ચના પાદરી શેશિલ ડેવિડ કહે છે કે, વાત પાંચ સદી જૂની છે. આ પૌરાણિક કહો કે ઐતિહાસિક બાઇબલ વર્ષ ૧૫૧૬માં બ્રિટનમાં પ્રિન્ટ થયું હતું. એ સમયે ભારત ઉપર અંગ્રેજોની હકુમત રાજ કરતી હતી. ઈંગ્લેન્ડથી આવતા ધર્મગુરુઓ આ ગ્રંથ પોતાની સાથે ઈન્ડિયા લાવ્યા હતા. જોકે, કયા ધર્મગુરુ દ્વારા આ બાઇબલ સુરત લાવવામાં આવ્યું. એ હાલ ચોક્કસ પણે કહી શકાય તેમ નથી. ભારત આવી અંગ્રેજોએ તેમની પહેલી કોઠી પણ સુરતમાં તાપી કિનારે સ્થાપી હતી. ત્યારબાદ આ CNI ચર્ચ પણ તાપી કિનારે જ બન્યું. આજે આ ચર્ચ પાસે બે ઐતિહાસિક બાઇબલ છે. આ પૈકી જે નાનું બાઇબલ છે. તે સાલ ૧૫૧૬માં પ્રિન્ટ થયું હોય તેને ચાલુ વર્ષે ૨૦૧૬માં ૫૦૦ વર્ષ પૂરા થયા છે. આ વર્ષે નાતાલની ઉજવણી સાથે ઐતિહાસિક બાઇબલની પાંચ સદી પૂરી થતાં ખિસ્ત્રી સમુદાયના પ્રોટેસ્ટન્ટ ફિરકામાં એક અલગ જ આનંદ અને ઉત્સાહની લહેર ઉઠી છે. આગામી રવિવારે નાતાલ પર્વે ખિસ્ત્રી સમુદાય દ્વારા આ પૌરાણિક અને પવિત્ર એવા બાઇબલ ઉપર હાથ મૂકી ઈસુએ બતાવેલા માર્ગ ઉપર ચાલવા મનોમન નિર્ધાર કરવામાં આવશે. સાથોસાથ ઈસુની સાક્ષીએ જીવનમાં થયેલી ભૂલોનો પણ સ્વીકાર કરવામાં આવશે.

### ગુજરાતનું સૌથી જૂનું ચર્ચ પણ સુરતમાં, કોલકાતાથી પગપાળા આવેલા ધર્મગુરુએ ખુલ્લું મૂક્યું હતું

CNI ચર્ચ પાસે એક બીજુ મોટું બાઇબલ છે. આ ધાર્મિક ગ્રંથ ખિસ્ત્રી સમુદાયના સમગ્ર એશિયાના સૌથી મોટા ધર્મગુરું બિશપ રેજીનોલ્ડ હીબર સુરત લાવ્યા હતા. ચર્ચ ઓફ ઇંગ્લેન્ડના અનુયાયી તરીકે જાણીતા આ ધર્મગુરના હસ્તે સાલ ૧૮૨૪માં ચોકબજાર સ્થિત CNI ચર્ચ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ ચર્ચ ખુલ્લુ મુકવા માટે તેઓ દિવસોના દિવસો, માઇલોના માઇલો પગપાળા સફર કરી સુરત પહોંચ્યા હતા. એ સમયે ઇસ્ટ ઇન્ડિયા તરીકે જાણીતો ભારતનો ભાગ અને આજે કોલકાતાથી ઓળખાતા શહેરમાંથી તેઓ પગપાળા સફર ખેડી સુરત આવ્યા હતા. તેઓ પોતાની સાથે આ બીજું ઐતિહાસિક બાઇબલ લઇ આવ્યા હતા. આ બાઇબલ પણ ઇંગ્લેન્ડમાં જ ઇ.સ. ૧૮૧૯માં પ્રિન્ટ થયું હતું. આ બાઇબલને પણ આજે ૨૦૦ વર્ષ થઇ ચૂક્યા છે. બે સદી જૂનું આ બાઇબલ સાલ ૧૮૨૪થી જ સુરતના CNI ચર્ચનો હિસ્સો બની ચૂક્યું છે.

### ઐતિહાસિક બાઇબલ બે ભાગમાં : ઓલ્ડ ટેસ્ટામેન્ટ અને ન્યૂ ટેસ્ટામેન્ટ

ફાધર શેશીલ ડેવિડ કહે છે કે, આ બંને બાઇબલમાં બે મહત્વની બાબતોનો ઉલ્લેખ છે. પહેલું ઓલ્ડ ટેસ્ટામેન્ટ અલબત્ત, જૂનો કરાર. આ જૂના કરારમાં સુષ્ટિનું સર્જન અને ઇઝરાયેલનો ઇતિહાસ દર્શાવાયો છે. સાથોસાથ આ કરારમાં લખાયું છે કે, દુનિયાનો ઉદ્ધાર કરવા અને તેમને મોક્ષના માર્ગે લઇ જવા એક મસીહા જન્મ લેવાના છે. પૃથ્વી ઉપર આવવાના છે. આ મસીહા એટલે ભગવાન ઇસુ ખિસ્ત્ર. ઇસુની પ્રતિછાયાનો આ ૫૦૦ વર્ષ જૂના બાઇબલમાં ઉલ્લેખ કરાયો છે. આ બાઇબલમાં કહેવાયું છે કે, ભગવાન ઇસુ ખિસ્ત્ર યહુદીઓને રોમનોની ગુલામીમાંથી મુક્ત કરશે. પરંતુ ઇશ્વરના ઇરાદા કંઇક અલગ જ હતા. માત્ર યહુદીઓને જ નહીં, સમગ્ર માનવજાતને તેમના પાપની ગુલામીમાંથી મુક્ત કરવા ઇસુએ જન્મ લીધો હતો. ઇસુના આ જીવનચરિત્રનો ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં પૂર્ણ સ્વરૂપે ઉલ્લેખ કરાયો છે. તો ન્યૂ ટેસ્ટામેન્ટ (નવા કરાર)માં ઇસુનું આગમન અને તેમને લઇને જે ભવિષ્યવાણી કરવામાં આવી હતી. તે સત પ્રતિ સત સાચી થયેલી જોવા મળી છે. તેનું વર્ણન કરવામાં આવ્યું છે. સદીઓ અગાઉ સમાજના લોકો પાસે બાઇબલ ન હતા. એ સમયે ચર્ચમાં ફાધર જ આ બાઇબલનું પઠન કરતા અને ઇસુનો મહિમા સમજાવતા હતા.

**આજે પણ આ બાઇબલના દ્રષ્ટાંત ટાંકી અર્પણ અને સમર્પણના પાઠ શીખવવામાં આવે છે**